પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૬૧ | ૩ ડિસેમ્બર, ૨૦૧૯, મંગળવાર; માગસર સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# સમગ્ર ઉત્તર ભારત ઠંડુગાર

**કાશ્મીર, હિમાચલ, ઉત્તરાખંડમાં હિમવર્ષા : લેહમાં તાપમાન માઇનસ ૧૩.૨, ગુલમર્ગમાં માઈનસ ૮ ડિગ્રી : વૈષ્ણોદેવીના આસપાસના વિસ્તારોમાં પણ પારો ખુબ નીચે પહોંચ્યો : હિમાચલ પ્રદેશના ઘણા ભાગમાં બરફની ચાદર : પંજાબ, હરિયાણામાં તાપમાન ગગડ્યું**



નવી દિલ્હી,તા. ૨

ઉત્તર ભારતના રાજ્યોમાં કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. ધુમ્મસ અને ઠંડીના કારણે જનજીવન ઉપર માઠી અસર થઈ છે જયારે બીજી બાજુ ભારે વરસાદ અને હિમવર્ષાના લીધે હિમાચલ પ્રદેશ, જમ્મુ કાશ્મીર અને ઉત્તરાખંડના કેટલાક ભાગો તેમજ લડાખમાં હાલમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. આ તમામ જગ્યાઓએ બરફની ચાદર છવાઈ ગઈ છે. આ તમામ રાજ્યોના કેટલાક ભાગોમાં પારો શુન્યથી નીચે પહોંચી ગયો છે. કાશ્મીરના અનેક ભાગો, લડાખના કેટલાક વિસ્તારો અને હિમાચલ પ્રદેશના જુદા જુદા ભાગોમાં પારો શુન્યથી નીચે પહોંચી ગયો છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં પણ પારો ઘટીને ૯.૪ સુધી પહોંચી ગયો છે.

હિમાચલ, કાશ્મીર અને ઉત્તરાખંડના વિવિધ ભાગોમાં હિમવર્ષા જારી રહી છે. હિમાચલના લાહોલ-સ્પિતી જિલ્લામાં ચન્દ્રા ખીણ ખાતે બરફની ચાદર છવાઈ ગઈ છે. લેહમાં માઈનસ ૧૩.૨ ડિગ્રી તાપમાન થયુ છે. જયારે શ્રીનગરમાં માઈનસ ૦.૯ ડિગ્રી તાપમાન થયુ છે. ઉત્તર કાશ્મીરના સ્કી રિસોર્ટ ગુલમર્ગ ખાતે ગયા સપ્તાહમાં હિમ વર્ષા થઈ ચુકી છે. અહીં માઈનસ આઠ ડિગ્રી તાપમાન થયુ છે. શ્રીનગર-લેહ હાઈવેને બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. હિમાચલ પ્રદેશમાં સૌથી વધારે ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. મનાલી, લાહોલ-સ્પિતી અને કિન્નોરમાં પારો ખુબ નીચે પહોંચી ગયો છે. પંજાબ અને હરિયાણમાં પણ ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. પંજાબના અમૃતસરમાં પારો ૭.૮ ડિગ્રી થયો છે. હરિયાણાના હિસારમાં પારો ૮.૮ થયો છે. ઉત્તરપ્રદેશમાં ધુમ્મસની ચાદર છવાઈ ગઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

## તમિળનાડુમાં અતિભારે વરસાદથી જીનજીવન ઠપ

**હજારો લોકોને રાહત છાવણીમાં ખસેડાયા : મૃતકોના પરિવારોને ૪ લાખ રૂપિયાની સહાયની જાહેરાત**



કોઈમ્બતુર, તા. ૨

તમિળનાડુમાં ભારે વરસાદથી મુશ્કેલી સર્જાઈ ગઈ છે. વરસાદ સંબંધિત જુદા જુદા બનાવોમાં છેલ્લા ચાર દિવસમાં ૨૫ લોકોના મોત થઈ ચુક્યા છે. કોઈમ્બતુર જિલ્લામાં મેટ્ટુપાલિયમમાં એક સંકુલની દિવાલ તુટી પડતા ૧૭ લોકોના મોત થઈ ગયા હતા. મુખ્યમંત્રી પલાનીસામીએ ૨૫ લોકોના પરિવાર પૈકી દરેકને ચાર લાખ રૂપિયાના નાણાંકીય સહાયતાની જાહેરાત કરી દીધી છે. ભારે વરસાદના પરિણામ સ્વરુપે ૧૩૦૫ ઝુંપડપટ્ટીને નુકસાન થયું છે. ૧૦૦૦થી વધુ લોકોને રાહત કેમ્પોમાં ખસેડવામાં આવ્યા છે. સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે. તમિળનાડુ અને પુડુચેરીમાં વિવિધ ભાગોમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. રવિવારથી જ ભારે વરસાદના કારણે અનેક વિસ્તારો જળબંબાકાર થયેલા છે.

# બુલેટ ટ્રેન યોજનાની સમીક્ષાનો હુકમ

**ઉદ્ધવ ઠાકરે દ્વારા સમીક્ષાના આદેશથી ખેંચતાણ વધવાના સંકેત : કોઇ સમય ભારતીય જનતા પાર્ટીની સાથે રહેલી શિવસેનાએ સત્તામાં આવ્યા બાદ જુના નિર્ણયો બદલી નાંખવાની શરૂઆત કરી : ખેડુત દેવાને માફ કરાશે**

મુંબઈ, તા. ૨

કોઈ સમય ભારતીય જનતા પાર્ટીની સાથી તરીકે રહેલી શિવ સેનાએ હવે સત્તામાં આવ્યા બાદ જ જુના નિર્ણયોને બદલી નાંખવાની શરૂઆત કરી દીધી છે. સાથે સાથે જુના પ્રોજેકટોની સમીક્ષા કરવાની શરૂઆત કરી દીધી છે. મહારાષ્ટ્રના નવા મુખ્યપ્રધાન ઉદ્ધવ ઠાકરેએ મુંબઈ-અમદાવાદ વચ્ચે બુલેટ ટ્રેન સહિત રાજયમાં ચાલી રહેલી તમામ વિકાસ યોજનાઓની સમીક્ષા કરવાનો આદેશ જારી કરી દીધો છે. મુખ્યપ્રધાને રવિવારના દિવસે કહ્યુ હતુ કે તેઓએ બુલેટ ટ્રેન પ્રોજેકટની સમીક્ષા કરવાનો આદેશ આપ્યો છે. બુલેટ ટ્રેન યોજનાને ખેડુતો અને

● અનુસંધાન પાન-૭ પર



## ન્યુઝ ટ્રેક

### પ્રિયંકા ગાંધીની સુરક્ષામાં ચૂક

એસપીજી સુરક્ષા પાછી લીધા બાદ કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધીની સુરક્ષામાં ચૂકના સમાચારો મળી રહ્યા છે. તેમની ઘરની આસપાસ એસઆરપીના જવાનો હોવા છતાં કેટલાક અજ્ઞાત શખ્સો તેમના ઘરે ઘુસી ગયા હતા. આ મામલે ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

### ક્રિકેટર મનિષ પાંડે લગ્નગ્રંથિથી જોડાયો

ભારતીય ક્રિકેટર મનિષ પાંડે અને દક્ષિણ ભારતની ફિલ્મ અભિનેત્રી અશ્રિતા શેટ્ટી લગ્નગ્રંથિથી જોડાયા છે. લગ્નનો ફોટો સનરાઈઝર્સ હૈદરાબાદે ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યો હતો. બેંગલુરૂ અને મુંબઈમાં રીસેપ્શન યોજાશે.

### ભાજપ નેતા પંકજા મુંડે પાર્ટી છોડશે

મહારાષ્ટ્રની રાજનીતિમાં ભૂકંપના એંધાણ મળી રહ્યા છે. ભાજપના નેતા અને પૂર્વમંત્રી પંકજા મુંડેએ ટ્વીટર પરથી પાર્ટીનુ નામ હટાવી લીધુ છે. તેઓ શિવસેનાના સંપર્કમાં હોવાનો સંકેત શિવસેનાના પ્રવક્તા સંજય રાઉતે આપ્યો છે.

### ત્રાસવાદી માળખાને દૂર કરવા પાક. પર દબાણ

વિદેશ અને સંરક્ષણ પ્રધાન સ્તરની મંત્રણા ભારત અને જાપાન વચ્ચે યોજાઈ રહી છે. ભારત અને જાપાને આ વાતચીત દરમ્યાન આતંકવાદી માળખા સામે વધુ નક્કર કાર્યવાહી કરવા ભારતને સૂચના આપી છે.

### નિર્ભયા કેસના આરોપીની દયા અરજી ફગાવાઈ

દિલ્હીના ચકચારી નિર્ભયા કેસના દોષીની દયા અરજી દિલ્હી સરકારે ફગાવી દીધી છે. દિલ્હીના ગૃહપ્રધાન સત્યેન્દ્ર જૈને દિલ્હી સરકારની ભલામણ બાદ ફાઈલને ઉપરાજ્યપાલ અનિલ નૈજલ પાસે મોકલી હતી. આવા કેસમાં દયા દાખવવી યોગ્ય નથી એવી ટીપ્પણી સાથે ફાઈલ મોકલાઈ છે.

# ૨૦૨૪ પહેલાં તમામ ઘૂસણખોરોને દેશ નિકાલ કરીને જ જંપીશું : અમિત શાહ

**ઝારખંડમાં ગૃહમંત્રીએ સમગ્ર દેશમાં એનઆરસી લાગુ કરવાનો ઇશારો કર્યો : ઝારખંડમાં ચૂંટણી પ્રચાર વેળા અમિત શાહે જાહેરાત કરી : વિરોધ પક્ષાના વિરોધ છતાં સરકાર મક્કમતાપૂર્વક આગળ વધશે અને દરેક ઘુસણખોરને ઓળખી કઢાશે : આતંકવાદ, મંદિર નિર્માણ મુદ્દા ખુબ મહત્વપૂર્ણ**

ચક્રધારપુર, તા. ૨

ભારતીય જનતા પાર્ટીના



પ્રમુખ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે એનઆરસી માટે ૨૦૨૪ની મહેતલ મુકી દીધી હતી. તેમણે કહ્યું હતું કે, આ ગાળા સુધીમાં તમામ ઘુસણખોરોને હાંકી કાઢવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, તમામ ઘુસણખોરોને હાંકી કાઢવા માટે કેન્દ્ર સરકાર સંપૂર્ણપણે કટીબદ્ધ છે અને આ દિશામાં પગલા લેવામાં આવી રહ્યા છે. દેશભરમાં એનઆરસીને લઈને જોરદાર વિભાજનની સ્થિતિ હોવા છતાં ભારતીય જનતા પાર્ટી અને સરકાર આ દિશામાં આગળ વધવા માટે મક્કમ દેખાઈ રહી છે. તેમણે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, દરેક ઘુસણખોરને ઓળખી કાઢવામાં આવશે અને આગામી સામાન્ય ચૂંટણી પહેલા દેશની બહાર કરવામાં આવશે. પશ્ચિમ બંગાળમાં ભાજપના કેટલાક નેતાઓ દ્વારા હાલમાં જ યોજાયેલી પેટાચૂંટણીમાં પાર્ટીની કારમી હાર થયા બાદ એનઆરસીને લઈને દહેશત વ્યક્ત કરી હતી. પાર્ટીને નુકસાન થવાની દહેશત વ્યક્ત કરવામાં આવી હોવા છતાં કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું હતુ કે, રાષ્ટ્રવ્યાપી કવાયત મજબૂતરીતે આગળ વધશે. ઝારખંડમાં ચૂંટણી રેલીને સંબોધતા અમિત શાહે સ્પષ્ટરીતે કહ્યું હતુ કે, વિરોધ પક્ષો ભલે હોબાળો મચાવી રહ્યા છે પરંતુ આ રાષ્ટ્રવ્યાપી કવાયત આગળ વધશે. તેમણે સાફ શબ્દોમાં કહ્યું હતુ કે, ૨૦૨૪ની ચૂંટણી પહેલા દેશભરમાં એનઆરસી હાથ ધરવામાં આવશે. દરેક ઘુસણખોરને બહાર કરવામાં આવશે. રાહુલ ગાંધી કહી રહ્યા છે કે, તેમને હાંકી કાઢવામાં ન આવે. આ લોકો ક્યાં જશે, આ ઘુસણખોરો શું ખાશે પરંતુ તેઓ કહેવા માંગે છે કે, ૨૦૨૪ની ચૂંટણી પહેલા તમામ ગેરકાયદે ઘુસણખોરોને હાંકી કાઢવામાં આવશે.

# ફડનવીસ ૪૦,૦૦૦ કરોડ બચાવવા સીએમ બન્યા હતા

**અનંત કુમાર હેગડેની જાહેરાતથી ભારે હોબાળો :કેન્દ્રના ૪૦ હજાર કરોડ રૂપિયા બચાવી લેવા ફડનવીસને બહુમતિ ન હોવા છતાં ૩ દિવસ માટે મુખ્યમંત્રી બનાવાયા**

મુંબઈ, તા. ૨

મહારાષ્ટ્રમાં દેવેન્દ્ર ફડનવીસ દ્વારા એનસીપીના નેતા અજિત પવારની



સાથે મળીને સરકાર બનાવવા અને ત્યારબાદ બહુમતિના પરિક્ષણ પહેલા જ રાજીનામુ આપી દેવાના મામલે વિરોધી દળો તેમના પર ત્રણ દિવસના મુખ્યપ્રધાનને લઈને પ્રહારો કરી રહ્યા છે. જો કે ભારતીય જનતા પાર્ટીના નેતા અને કેન્દ્રિય પ્રધાન અનંત કુમાર હેંગડેના ત્રણ દિવસના મુખ્યપ્રધાનને લઈને અલગ અભિપ્રાય ધરાવે છે. ઉત્તર કન્નડ (કર્ણાટક)ના ભાજપ સાંસદ અનંત કુમાર હેગડેએ કહ્યુ છે કે કેન્દ્ર સરકારના ૪૦ હજાર કરોડ રૂપિયા બચાવી લેવા માટે બહુમતિ ન હોવા છતાં દેવેન્દ્ર ફડનવીસને

● અનુસંધાન પાન-૭ પર

### હેગડેનું નિવેદન ખોટું છે, તેને હું ફગાવું છું : ફડણવીસની સ્પષ્ટતા

પૂર્વ મુખ્યમંત્રી ફડણવીસે કહ્યું કે, “આ નિવેદન ખોટું છે અને હું તેને ફગાવું છું. બુલેટ ટ્રેન કેન્દ્ર સરકારની સગાયતાથી તૈયાર થઈ રહી છે અને આમાં મહારાષ્ટ્ર સરકારની ભૂમિકા ફક્ત ભૂમિ અધિગ્રહણ સુધી સીમિત છે. ફડણવીસે કહ્યું કે, ના કેન્દ્રએ મહારાષ્ટ્ર પાસેથી કોઈ રૂપિયા માંગ્યા છે, ના કેન્દ્રએ મહારાષ્ટ્રને કોઈ રૂપિયા આપ્યા છે. મારા મુખ્યમંત્રી રહેતા અથવા કાર્યવાહક મુખ્યમંત્રી હોવા દરમિયાન આવો કોઈ નિર્ણય નથી લેવામાં આવ્યો. સરકારનું નાણાં મંત્રાલય આની તપાસ કરે અને સત્ય લોકોની સામે લાવે.

# દુષ્કર્મની ઘટનાઓને રોકવા દોષિતોને ભીડને સોંપી દો: જયા બચ્ચન

**હૈદરાબાદ હેવાનિયતના મામલે બંન્ને ગૃહોમાં આક્રોશ વ્યક્ત કરાયો : બળાત્કારની ઘટનાઓને રોકવા માટે કડક કાયદો બનાવવા તૈયાર : રાજનાથ સિંહ**

ન્યુ દિલ્હી,તા.૨

તેલંગાણા રાજયના હૈદરાબાદમાં એક મહિલા ડોક્ટર સાથે હૈવાનિયત અને શૈતાનને પણ શરમાવે તેવી ગેંગરેપ અને મર્ડરની જઘન્ય ઘટનાનો પડઘા આજે સંસદના ચાલી રહેલા શિયાળુ સત્રમાં જોવા મળ્યો હતો. જેમાં મહિલા સાંસદોએ આક્રોશ સાથે સરકાર પર દબાણ લાવવાનો પ્રયાસ કર્યો કે આવા કિસ્સામાં અપરાધીઓને તત્કાળ ફાંસી મળે તેવો કાયદો હોવો જોઈએ. તો સપાના સાંસદ અને ફિલ્મ અભિનેત્રી જયા અમિતાભ બચ્ચને રોષ સાથે રાજ્યસભામાં એવું સૂચન કરતા જણાવ્યું કે આવા કિસ્સામાં દોષિત તત્વોને જાહેરમાં લાવીને લોકોની વચ્ચે સોંપી દેવા જોઈએ અને જાહેરમાં જ તેમને માર મારીને રહેંસી નાંખવા(મોબ લીચીંગ) જોઈએ જેથી તેમની સાથે લોકોએ કરેલી હાલત જોઈને બીજા



કોઈ આવો ગુનો આચરવાની હિંમત નહીં કરે. તેમણે સરકારનું ધ્યાન દોર્યું કે આ તે સમય છે જ્યારે જનતા ઈચ્છે છે કે સરકાર સમાજ અને મહિલા સુરક્ષા અંગે સાચો જવાબ આપે. બન્ને સદનોના અધ્યક્ષોએ હૈદરાબાદની ઘટનાને સખ્ત શબ્દોમાં વખોડી કાઢ્યું હતું. લોકસભામાં મંત્રી રાજનાથસિંહે કહ્યું કે સૌ સહમત થતાં હોય તો સરકાર વધુ કડક કાયદો ઘડવા તૈયાર છે, તો રાજ્યસભામાં અધ્યક્ષ વેંકૈયા નાયડૂએ કહ્યું કે આવા કિસ્સામાં નવા કાયદાની નહીં પણ રાજકિય ઈચ્છાશક્તિની જરૂર છે. આ ઘટનામાં ચાર આરોપીઓની ધરપકડ થઈ છે.

## વ્યાજ દરમાં છઠ્ઠીવાર ઘટાડો કરાશે આજથી આરબીઆઈની સમીક્ષા બેઠક

મુંબઈ, તા. ૨

આરબીઆઈની પોલિસી સમીક્ષાની બેઠક વ્યાજદરમાં ઘટાડાની અપેક્ષા વચ્ચે આવતીકાલથી શરૂ થઈ રહી છે. આ બેઠકના પરિણામ પાંચમી ડિસેમ્બરના દિવસે જાહેર કરવામાં આવનાર છે. આરબીઆઈ દ્વારા છઠ્ઠી વખત વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવે તેવી શક્યતા છે. ટોપના ૧૦ અર્થશાસ્ત્રીઓ પૈકીના આઠ દ્વારા રેપોરેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરવામાં આવશે તેવો દાવો કર્યો છે. આ સપ્તાહમાં રેપોરેટને ઘટાડીને ૪.૯ ટકા કરવામાં આવી શકે છે. રિઝર્વ બેંક દ્વારા ફુગાવાને ધ્યાનમાં લઈને આ ઘટાડો કરશે. ફુગાવાની સ્થિતિ ઓક્ટોબર મહિનામાં ૪.૬૨ ટકા હતી.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

